અગ્રતા ક્રમ–

**8**

મહિલા અને બાળ વિકાસ વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૨૮૫

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની
તારીખ: ૧૯/૦૨/૨૦૨૪

પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

**પ્રશ્ન : પાટણ જિલ્લામાંઆંગણવાડી કેંદ્રોને ગેસ કનેક્શન બાબત**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર

**શ્રીલવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રશ્ન | 3 |
| ૨ | પ્રશ્નનો જવાબ | 3 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન–૧** પુછનાર ધારાસભ્યશ્રી **લવીંગજી મુળજીજી સોલંકી** પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા કેન્દ્રોમાં ગેસ કનેક્શનની સુવિધા આપવામાં આવી છે? તથા તે માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | 4 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન–૨** પુછનાર ધારાસભ્યશ્રી **પ્રવિણભાઇ માળી** આંગણવાડી કેન્દ્રમાં ગેસની બોટલ પહોંચાડવાની શું વ્યવસ્થા છે? | 5 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન–૩** પુછનાર ધારાસભ્યશ્રી **અનીકેતભાઇ ઠાકર** આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે? આંગણવાડી કેન્દ્રોને ગેસ સિલિન્ડર મળવામાં વિલંબ થાય તો તેવા કિસ્સામાં શું વ્યવસ્થા છે ? | 6 |
| | પૂરક માહિતી | |
| ૪.૧ | પાટણ જિલ્લામાં ગેસ કનેક્શન યોજનાથી લાભાન્વિત થતા લાભાર્થી કેટલા છે ? | 7 |
| ૪.૨ | આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા કેટલા ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા આવે છે ? | 8 |
| ૪.૩ | રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ શું છે? | 9 |
| ૪.૪ | આંગણવાડીમાં Pipe Line થી ગેસ પુરવઠો આપવામાં આવે છે? | 12 |
| | ગેસની બોટલ પહોંચાડવા માટે ખર્ચની વિગત | |
| | ગેસ કનેક્શન તથા ગેસ રીફિલિંગનો ખર્ચ કોણ ભોગવે ? | |
| | વાર્ષિક કેટલાં બોટલ મળે તેની જોગવાઈ અને ખર્ચ | |
| ૪.૫ | પાટણ જીલ્લાની આંગણવાડીઓમાં માળખાકીય સુવિધાની વિગત | 14 |
| ૪.૬ | ગેસ કનેક્શન માટેની વર્ષ વાઈઝ બજેટ જોગવાઇ અને ખર્ચ | 15 |

# 8

## પાટણ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન

***15/4/1285 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી** (રાધનપુર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હોઈ નવીન ગેસ કનેક્શન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોને ક્યાં સુધીમાં ગેસ કનેકશન આપવામાં આવશે ? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------------------------------------------

**અગ્રતા ક્રમ – ૦૮** **પૂરક પ્રશ્ન-૧**

પુછનાર ધારાસભ્યશ્રી : **લવીંગજી મુળજીજી સોલંકી**

**પૂરક પ્રશ્ન – ૧ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા કેન્દ્રોમાં ગેસ કનેકશનની સુવિધા આપવામાં આવી છે? તથા તે માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

આપણા દીર્ઘ દ્રષ્ટા માન. વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી હંમેશા અમારી માતાયશોદા બહેનોની ચિંતા કરતા હતા અને આ વાતનું ઉત્તમ ઉદાહરણ છે. આંગણવાડી કેન્દ્રોમાં ગેસની સુવિધા

માન.અધ્યક્ષશ્રી

- દેશમાં સર્વ પ્રથમ ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની પહેલ કરી વર્ષ ૨૦૦૯માં ૧૦૦% રાજ્ય બજેટમાં આંગણવાડીઓમાં ગેસ સુવિધા આપવાની શરૂઆત કરી.
- પાટણ જિલ્લામાં તાલુકાવાઈઝ ગેસ કનેક્શનની સુવિધા આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર આંગણવાડી કેન્દ્રો ની સંખ્યા | ગેસ કનેકશન ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૨૫ | ૨૨૫ |
| ૨ | સરસ્વતી | ૧૯૨ | ૧૯૨ |
| ૩ | સિદ્ધપુર | ૨૦૦ | ૨૦૦ |
| ૪ | ચાણસ્મા | ૧૮૦ | ૧૮૦ |
| ૫ | હારીજ | ૧૧૯ | ૧૧૯ |
| ૬ | સમી | ૧૩૦ | ૧૩૦ |
| ૭ | શંખેશ્વર | ૮૬ | ૮૬ |
| ૮ | રાધનપુર | ૧૩૯ | ૧૩૯ |
| ૯ | સાંતલપુર | ૧૫૬ | ૧૫૬ |
| કુલ | | ૧૪૨૭ | ૧૪૨૭ |

- દરેક આંગણવાડી દીઠ નવા ગેસ કનેક્શન માટે હાલમાં રૂ.૭૮૧૦/– મુજબ ચુકવણી કરવામાં આવે છે. તેમજ રીફીલીંગ માટે બીલ મુજબ ખરેખર થતાં ખર્ચ પ્રમાણે ચુકવણુ કરવામાં આવે છે .

| અગ્રતા ક્રમ – ૦૮ પૂરક પ્રશ્ન-૨ |
|---|
| પુછનાર ધારાસભ્યશ્રી : **પ્રવિણભાઇ માળી** |
| **પૂરક પ્રશ્ન –૨ આંગણવાડી કેન્દ્રમાં ગેસની બોટલ પહોંચાડવાની શું વ્યવસ્થા છે.?** |

**માન.અદ્યક્ષશ્રી,**

- આંગણવાડીમાં અપાતા ગેસ સિલિન્ડર એ ડોમેસ્ટિક કનેક્શન તરીકે સરકારે મેળવેલ છે. આથી ઘરમાં જે રીતે ગેસ સિલિન્ડરની ડોર સ્ટેપ ડિલીવરી થાય તે જ રીતે આંગણવાડીમાં પણ ગેસ એજન્સી મારફત ડોર સ્ટેપ ડિલીવરી કરવાની હોય છે.

  જિલ્લામાં કલેક્ટર દ્વારા જ્યારે ગેસ એજન્સીને મંજૂરી આપવામાં આવે છે. ત્યારે ઘરે બેઠા ડિલીવરી કરવા સાથેની બાબતોને ધ્યાને લઈ એજન્સીને મંજૂરી આપવામાં આવતી હોય છે. અને આ એજન્સી આંગણવાડીઓમાં ગેસની બોટલ પહોંચતી કરે છે.

- પાટણ જીલ્લામાં તાલુકાવાઈઝ આ મુજબની એજન્સીઓ લાગુ પડે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | પાટણ | (૧) ખુશ્બુ ગેસ એજન્સી, પાટણ<br>(૨) સર્વોદય ગેસ એજન્સી, પાટણ |
| ૨ | સરસ્વતી | (૧) ખુશ્બુ ગેસ એજન્સી, પાટણ<br>(૨) સર્વોદય ગેસ એજન્સી, પાટણ |
| ૩ | સિદ્ધપુર | (૧) અક્ષય ગેસ એજન્સી, સિદ્ધપુર<br>(૨) જનક ગેસ એજન્સી, સિદ્ધપુર |
| ૪ | ચાણસ્મા | સેન્ડો ગેસ એજન્સી, ચાણસ્મા |
| ૫ | હારીજ | નિતલ ગેસ એજન્સી, હારીજ |
| ૬ | સમી | (૧) વેદ ગેસ એજન્સી, સમી<br>(૨) નિમેશ ગેસ સર્વિસ, રાધનપુર<br>(૩) નિતલ ગેસ એજન્સી, હારીજ |
| ૭ | શંખેશ્વર | (૧) વેદ ઈન્ડિયન ગેસ, સમી<br>(૨) નિતલ ગેસ એજન્સી, હારીજ |
| ૮ | રાધનપુર | નિમેશ ગેસ સર્વિસ, રાધનપુર |
| ૯ | સાંતલપુર | નિમેશ ગેસ સર્વિસ, રાધનપુર |

| અગ્રતા ક્રમ – ૦૮ પૂરક પ્રશ્ન-૩ |
| --- |
| પુછનાર ધારાસભ્યશ્રી : **અનીકેતભાઇ ઠાકર** |

**પૂરક પ્રશ્ન –૩** **આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન કેવી રીતે આપવામાં આવે છે ? તથા આંગણવાડી કેન્દ્રોને ગેસ સિલિન્ડર મળવામાં વિલંબ ટાળવા વ્યવસ્થા છે ?**

**માન.અધ્યક્ષશ્રી,**

- જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા મંજુર કરેલ તાલુકાવાર ગેસ એજન્સીની યાદી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર મારફત CDPO ને આપવામાં આવે છે.
- તાલુકાના CDPO દ્વારા તે ગેસ એજન્સીને આંગણવાડીના નામ સરનામાની યાદી સાથે ગેસ કનેક્શન માટે દરખાસ્ત કરવામાં આવે છે
- CDPO દ્વારા તાલુકાની ગેસ એજન્સી પાસેથી ગેસ કનેક્શન માટેના ખર્ચનો એસ્ટીમેટ મંગાવી તે તેને નિયત કરેલ ધારા–ધોરણો મુજબ નાણાકિય ચુકવણી કરી ગેસ એજન્સીના સંપર્કમાં રહી આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન પુરા પાડવામાં આવે છે.
- માન.અધ્યક્ષશ્રી
- ગેસ સીલિન્ડર મળવાનીના વિલંબની જ્યાસુધી વાત છે તો. આંગણવાડી કેન્દ્રોને જયારે નવા ગેસ કનેકશન આપવામા આવેલ ત્યારે ૨ ગેસ સીલીન્ડર સહિતનુ કનેકશન આપવામા આવેલ છે આથી જ્યારે એક બોટલ ઉપર રસોઈનું કામ થતું હોય ત્યારે બીજી વધારાની બોટલ આંગણવાડી કેન્દ્રમાં રિફીલ કરી રાખવામાં આવે છે. તેથી ગેસ બોટલ ખાલી થઈ જાય ત્યારે અન્ય રીતે રસોઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| અગ્રતા ક્રમ – ૦૮ પૂરક માહિતી |
|---|
| **પાટણ જિલ્લામાં ગેસ કનેક્શન યોજનાથી લાભાન્વિત થતા લાભાર્થી કેટલા છે ?** |

**માન. અધ્યક્ષશ્રી,**

- પાટણ જિલ્લામાં કુલ ૮૦૨૩૮ બાળકો, ૧૩૩૯ આંગણવાડી કાર્યકર અને ૧૧૯૮ આંગણવાડી તેડાગર આ યોજનાથી લાભાન્વિત થયેલ છે.

| અગ્રતા ક્રમ – ૦૮ **પૂરક માહિતી** |
| --- |
| **આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા કેટલા ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા  આવે છે ?** |

**માન. અધ્યક્ષશ્રી,**

- આંગણવાડી કેન્દ્રોને એક વર્ષમા ૩ ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવામા આવે છે. સામાન્ય રીતે ૧ વર્ષમાં ૩ સીલીન્ડર એક આંગણવાડી માટે પુરતા છે. આમ છતાં કોઈક સંજોગોમાં વધારે જરૂરીયાત ઉપસ્થિત થાય તો તેમની માંગણી મુજબ તેમને વધારાનો ખર્ચ ફાળવી શકાય છે.

## **અગ્રતા ક્રમ – ૦૮ પૂરક માહિતી**

**રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ શું છે?**

**માન. અધ્યક્ષશ્રી,**

- રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શનની સ્થિતિ આ મુજબ છે.

| ગેસ કનેક્શન રિપોર્ટ ૨૦૨૩-૨૪ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | મંજુર કુલ આંગણવાડી કેન્દ્રો | ગેસ કનેક્શન આપેલ આં.વા. ની સંખ્યા | ગેસ કનેક્શન બાકી હોય તેવા આં.વા.ની સંખ્યા | રિમાર્ક્સ |
| ૧ | અમદાવાદ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૦ | |
| ૨ | અમરેલી | ૧૬૧૬ | ૧૬૧૬ | ૦ | |
| ૩ | બનાસકાંઠા | ૩૩૬૫ | ૩૩૬૫ | ૦ | |
| ૪ | વડોદરા | ૧૪૦૯ | ૧૪૦૯ | ૦ | |
| ૫ | ભરૂચ | ૧૩૭૪ | ૧૩૭૪ | ૦ | |
| ૬ | નર્મદા | ૯૫૨ | ૯૫૨ | ૦ | |
| ૭ | ભાવનગર | ૧૫૯૧ | ૧૫૯૧ | ૦ | |
| ૮ | ડાંગ | ૪૪૧ | ૪૪૧ | ૦ | |
| ૯ | જામનગર | ૮૮૮ | ૮૮૮ | ૦ | |
| ૧૦ | જુનાગઢ | ૧૨૪૯ | ૧૨૪૯ | ૦ | |
| ૧૧ | પોરબંદર | ૪૮૯ | ૪૮૯ | ૦ | |
| ૧૨ | કચ્છ | ૨૧૧૬ | ૨૧૧૬ | ૦ | |
| ૧૩ | મહેસાણા | ૧૯૨૦ | ૧૯૨૦ | ૦ | |
| ૧૪ | પાટણ | ૧૪૨૭ | ૧૪૨૭ | ૦ | |
| ૧૫ | પંચમહાલ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૦ | |
| ૧૬ | દાહોદ | ૩૦૫૬ | ૩૦૫૬ | ૦ | |
| ૧૭ | રાજકોટ | ૧૩૬૦ | ૧૩૬૦ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮ | સાબરકાંઠા | ૧૯૨૨ | ૧૯૨૨ | ૦ | |
| ૧૯ | સુરત | ૧૭૩૩ | ૧૭૩૩ | ૦ | |
| ૨૦ | સુરેંદ્રનગર | ૧૩૪૮ | ૧૩૪૮ | ૦ | |
| ૨૧ | ગાંધીનગર | ૯૫૧ | ૯૫૧ | ૦ | |
| ૨૨ | ખેડા | ૧૯૭૯ | ૧૯૭૯ | ૦ | |
| ૨૩ | આણંદ | ૧૯૯૩ | ૧૯૯૩ | ૦ | |
| ૨૪ | વલસાડ | ૧૮૯૯ | ૧૮૯૯ | ૦ | |
| ૨૫ | નવસારી | ૧૩૩૦ | ૧૩૩૦ | ૦ | |
| ૨૬ | તાપી | ૧૦૪૯ | ૧૦૪૯ | ૦ | |
| ૨૭ | અરવલ્લી | ૧૪૫૦ | ૧૪૫૦ | ૦ | |
| ૨૮ | બોટાદ | ૫૬૯ | ૫૬૯ | ૦ | |
| ૨૯ | છોટાઉદેપુર | ૧૧૮૨ | ૧૧૮૨ | ૦ | |
| ૩૦ | દેવભુમિ દ્ધારકા | ૬૯૧ | ૬૯૧ | ૦ | |
| ૩૧ | ગીર સોમનાથ | ૧૧૬૬ | ૧૧૬૬ | ૦ | |
| ૩૨ | મહીસાગર | ૧૩૧૬ | ૧૩૧૬ | ૦ | |
| ૩૩ | મોરબી | ૭૬૧ | ૭૬૧ | ૦ | |
| કુલ | | ૪૮૦૯૨ | ૪૮૦૯૨ | ૦ | |
| કોર્પોરેશન | | | | | |
| ૧ | અમદાવાદ | ૨૧૨૮ | ૨૧૨૮ | ૦ | 0 |
| ૨ | વડોદરા | ૪૩૮ | ૦ | ૪૩૮ | અક્ષયપાત્ર ચાલતુ હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૩ | ભાવનગર | ૩૧૭ | ૦ | ૩૧૭ | તમામ કેંદ્રોમાં અક્ષયપાત્ર દ્વારા નાસ્તો આપવામાં આવે છે. |
| ૪ | જુનાગઢ | ૧૭૯ | ૧૭૯ | ૦ | ૦ |
| ૫ | જામનગર | ૩૦૯ | ૩૦૯ | ૦ | ૦ |
| ૬ | રાજકોટ | ૩૬૩ | ૦ | ૩૬૩ | અક્ષયપાત્ર ચાલતુ હોવાથી ગેસ કને. જરૂર નથી. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | સુરત | ૧૦૯૨ | ૦ | ૧૦૯૨ | અક્ષયપાત્ર અને અખિલહિંદ પરિષદ દ્વારા નાસ્તો અપાતો હોવાથી ગેસ કને. જરૂર નથી. |
| ૮ | ગાંધીનગર | ૧૧૧ | ૧૧૧ | ૦ | |
| કુલ | | ૪૯૩૭ | ૨૭૨૭ | ૨૨૧૦ | ૦ |
| સબ ટોટલ | | ૫૩૦૨૯ | ૫૦૮૧૯ | ૨૨૧૦ | |
| રાજયના તમામ આંગણવાડી કેંદ્રોમાં ૧૦૦% ગેસ કનેકશનની સુવિધા ઉપલબ્ધ થઈ ગયેલ છે. | | | | | |

| અગ્રતા ક્રમ - ૦૮ પૂરક માહિતી |
| --- |
| **આંગણવાડીમાં Pipe Line થી ગેસ પુરવઠો આપવામાં આવે છે ?** |
| **ગેસની બોટલ પહોંચાડવા માટે ખર્ચની વિગત** |
| **ગેસ કનેક્શન તથા ગેસ રીફિલિંગનો ખર્ચ કોણ ભોગવે ?** |
| **વાર્ષિક કેટલાં બોટલ મળે તેની જોગવાઈ અને ખર્ચ** |

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી,**

- આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સિલિન્ડરની જગ્યાએ પાઈપ–લાઈન મારફતે ગેસ પુરવઠો આપવામાં આવે તો ઘણી સુલભતા રહે. પરંતુ હાલમાં રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ગેસ પુરવઠો પુરો પાડવા પાઈપ–લાઈન ઈન્ફ્રાસ્ટ્રકચર બિછાવેલ નથી ફક્ત આંગણવાડી કેન્દ્રોને ગેસ પાઈપ–લાઈન મારફત પુરો પાડવાનું વિચારવામાં આવે તો આર્થિક રીતે ઘણું મોંઘુ પડે.
- હાલમાં વાર્ષિક ત્રણ ગેસ સિલિન્ડર રિફીલીંગ માટે નાણાં આપવામાં આવે છે અત્યાર સુધી ત્રણથી વધુ ગેસ સિલિન્ડરની જરૂરિયાત અંગે કોઈ જીલ્લામાંથી રજૂઆત કે માંગણી આવેલ નથી. આમ,

  આંગણવાડી કેન્દ્રો ખાતે ગેસ વપરાશ ઘણો મર્યાદિત છે. આથી આંગણવાડી કેન્દ્રોને પાઈપ–લાઈન મારફતે ગેસ પુરવઠો પુરો પાડવો આર્થિક રીતે પોષાય તેમ ન હોઈ હાલ જે વાર્ષિક ત્રણ સિલિન્ડર આપવામાં આવે છે તે ચાલુ રાખવું યોગ્ય રહેશે.
- આંગણવાડી કેન્દ્રો સુધી ગેસની બોટલ પહોંચતી કરવાની હોવાથી ભાડુ ચુકવવાનો પ્રશ્ન રહેતો નથી.

➢ ગેસ કનેક્શન તથા ગેસ સિલિન્ડરના રિફિલીંગનો ખર્ચ રાજ્ય સરકાર ૧૦૦% રાજ્ય બજેટની ગ્રાન્ટમાંથી ભોગવે છે.

➢ પાવતી મુજબ ખરેખર ખર્ચ ચુકવવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ: ક્રમાંક:આઈ.સી.ડી.-૧૧૨૦૧૮-૩૧૦-બ, તા.૩૧/૦૮/૨૦૧૮ થી અમલવારી ચાલુ છે. વર્ષ: ૨૦૨૩-૨૪ માં પ્રતિ આંગણવાડી કેન્દ્રમાં પ્રતિ બોટલના રૂ.૧૦૫૦/- મુજબ વાર્ષિક ૩ બોટલના રૂ.૩૧૫૦/- ની જોગવાઈ કરેલ છે.

વધુમાં, તમામ જિલ્લા/કોર્પોરેશનના આંગણવાડી કેંદ્રોમાં ગેસ કનેક્શન આપ્યે ૧૦ વર્ષથી વધુ સમય થઇ ગયેલ હોઈ જુના ગેસ સગડી રીપેરીંગ/રિપ્લેસ માટે પ્રતિ જિલ્લા/કોર્પોરેશન દીઠ ૩૦% આંગણવાડી મુજબ પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ અંદાજે રૂ.૨૫૦૦/- મુજબ ગણતરી કરી રૂ.૩૯૭.૫૦/- લાખની ગ્રાંટ ફાળવણી કરેલ છે.

| અગ્રતા ક્રમ – ૦૮ પૂરક માહિતી |
|---|
| **માળખાકીય સુવિધાની વિગત** |

**જવાબ :**

**માન.અદ્યક્ષશ્રી ,**

1. પાટણ જિલ્લામાં ૧૪૨૭ આંગણવાડી કેન્દ્રોમાંથી ૧૪૨૭ કેન્દ્રો સેનિટેશન સુવિધા ધરાવે છે તથા ૦ કેન્દ્રમાં સુવિધા બાકી છે.
2. પાટણ જિલ્લામાં ૨૧૨ ભાડાના મકાનમાં અને ૧૧૦ અન્ય જગ્યાએ અને તેમજ ૧૧૦૫ પોતાના મકાન ધરાવે છે.
3. પાટણ જિલ્લામાં ૯૭૨ આંગણવાડી કેન્દ્રોમાં વોટર પ્યુરીફાયરની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.
4. પાટણ જીલ્લામાં ૧૪૨૬ કેન્દ્રમાં પાણીની સુવિધા ઉપલબ્ધ છે
5. પાટણ જિલ્લામાં કુલ ૮૦૨૩૮ બાળકો છે. જેમાં સામાન્ય વજનવાળા ૭૪૩૨૦ બાળકો, ઓછા વજનવાળા ૪૬૫૫ બાળકો અને અતિઓછા વજનવાળા ૧૨૬૩ બાળકો છે.
6. આંગણવાડી કેન્દ્રના ગેસ કનેક્શનના રીપેરીંગનો ખર્ચ કરવામાં આવેલ નથી.
7. પાટણ જિલ્લામાં ગેસ એજન્સીથી આંગણવાડી કેન્દ્રો સુધી ગેસ રિફીલીંગ બોટલ પહોંચાડવાનું વધુમાં વધુ ૨૦ કિ.મી અને ઓછામાં ઓછું ૧ કિ.મી જેટલુ અંતર થાય છે.

## અગ્રતા ક્રમ – ૦૮ પૂરક માહિતી

**ગેસ કનેક્શન અને રિફિલિંગ માટેની બજેટ જોગવાઈ અને ખર્ચની વર્ષ વાઈઝ માહિતી.**

**માન.અધ્યક્ષશ્રી ,**

**ગેસ કનેક્શન અને રિફિલિંગ માટેની બજેટ જોગવાઈ અને ખર્ચની વર્ષ વાઈઝ માહિતી.**

| વર્ષ | મંજુર આંગણવાડી કેન્દ્રો | ગેસ કનેક્શન બજેટ જોગવાઈ (લાખમાં) | ખર્ચ | પરત (સરન્ડર) કરેલ |
|---|---|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૩૦૨૯ | ૧૨૨૨.૧૨ | ૧૨૨૧.૧૨ | - |
| ૨૦૧૯–૨૦ | ૫૩૦૨૯ | ૧૨૧૦.૪૩ | ૧૨૧૦.૪૩ | - |
| ૨૦૨૦–૨૧ | ૫૩૦૨૯ | ૧૨૧૦.૪૩ | ૧૨૧૦.૪૩ | - |
| ૨૦૨૧–૨૨ | ૫૩૦૨૯ | ૧૨૪૭.૬૮ | ૧૨૪૭.૬૮ | - |
| ૨૦૨૨–૨૩ | ૫૩૦૨૯ | ૧૫૨૫.૨૫ | ૧૫૨૫.૨૫ | - |
| ૨૦૨૩–૨૪ | ૫૩૦૨૯ | ૨૦૭૪.૦૮ | ૨૦૭૪.૦૮ | |
| ૨૦૨૪–૨૫ | ૫૩૦૨૯ | ૨૦૪૭.૨૩ | વર્ષ ૨૦૨૪–૨૫ માટે સુચિત બજેટ જોગવાઈ કરેલ છે. | |